# હિસાબ નિયામકશ્રીની કચેરી

## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮૧૧૦ (ગુજરાત)

**નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન થયેલ ખર્ચ / આવક / ડીપોઝીટ / રીવોલ્વીંગ ફંડના હિસાબોનું અત્રેની કચેરીની એમ.ઇ.એસ. / એમ.આઇ.એસ. બ્રાંચમાં રૂબરૂ આવી મેળવણું કરવા બાબત...**

### -: પરિપત્ર :-

આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ અને ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે ચાલું નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન આપની કચેરીને યુનિવર્સિટી ફંડ અને રીવોલ્વીંગ ફંડ હેઠળ ફાળવવામાં આવેલ બજેટ સદરમાં ફાળવેલ ગ્રાંટ / રીવેલીડેટ કરેલ ગ્રાંટ / ઓપનીંગ બેલન્સ, ૦૧/૦૪/૨૦૧૪ થી ૩૧/૦૧/૨૦૧૫ સુધી થયેલ આવક અને ખર્ચના હિસાબો, ડીપોઝીટ વગેરેનું મેળવણું જરૂરી રજીસ્ટરો સાથે લાવી તા. ૨૫/૦૨/૨૦૧૫ સુધીમાં અત્રેની કચેરીમાં રૂબરૂમાં આવી કરાવી લેવાનું રહેશે.

ONLINE ACCOUNTING SYSTEM માં પણ તા. ૩૧/૦૧/૨૦૧૫ સુધી બજેટ સદર વાઇઝ ઓપનીંગ બેલેન્સ, થયેલ ખર્ચ, આવક અને કલોઝીંગ બેલેન્સનું પણ મેળવણું આપની કચેરીના ગ્રાન્ટ રજીસ્ટર અને એમ.ઇ.એસ./એમ.આઇ.એસ. રજીસ્ટર મુજબ બરાબર છે કેમ તે આપની કચેરી દ્વારા ચેક કરવાનું રહેશે તેમજ આપની કચેરીના પેન્ડીંગ બીલોનું સ્ટેટસ પણ ચેક કરી અને જો તેમાં કોઇ સુધારા-વધારા હોય તો તા.૨૫/૦૨/૨૦૧૫ સુધીમાં અત્રેની કચેરીએ રૂબરૂ આવી કરાવી લેવા આથી જણાવવામાં આવે છે,

વધુમાં ફેબ્રુઆરી-૨૦૧૫ માસનું બજેટ વાઇઝ આવક અને ખર્ચનું મેળવણું તા. ૧૫/૦૩/૨૦૧૫ સુધીમાં અત્રેની કચેરીમાં આવી કરાવી જવાનું રહેશે. તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને ખાસ સુચના કે ચાલુ નાણાંકીય વર્ષમાં જે તે બજેટમાં ગ્રાંટ / આવક / ખર્ચ / ડીપોઝીટ / રીવોલ્વીંગ ફંડ વગેરેમાં જે કે કોઇ સુધારા વધારા હોય તે તા. ૨૫/૦૨/૨૦૧૫ સુધીમાં કરાવી લેવાના રહેશે.

સદર પરિપત્ર હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની મળેલ સંમતિ અનુસાર જારી કરવામાં આવે છે.

વહીવટી-વ-હિસાબી અધિકારી

નં. આકૃયુ/કોમ્પ્ટ/વવહિઅ/ ૬૯૦૬ /૨૦૧૫
તારીખ: ૧૨/૦૨/૨૦૧૫

નકલ રવાના :

(૧) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ સારૂ.
(૨) તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ સારૂ.

નકલ સવિનય રવાના :

(૧) હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
(૨) નિયામકશ્રી – ઇન્ફર્મેશન ટેકનોલોજી, આ.કૃ.યુ., આણંદ તરફ વેબ સાઇટ પર મુકવા સારૂ.